RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 15 * Date: 03.11.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ઈરાન પર કયા બોમ્બથી ન્યૂક્લિયર અટેક કરશે ટ્રમ્પ?, ટકર કાર્સનની ચેતવણીથી મચી સનસનાટી



ઈરાનના પહાડોની અંદર છુપાયેલા પરમાણુ અડ્ડાને નષ્ટ કરવા માટે શું અમેરિકા પરમાણુ બોમ્બ ફેંકી શકે છે? અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામેના આ સવાલ પર દુનિયાની નજર ટકેલી છે. ઈરાનના પિકેક્સ માઉન્ટેન સ્થિત અંડરગ્રાઉન્ડ અડ્ડાને નિશાન બનાવવાની ચર્ચા વચ્ચે મ્૬૧-૧૧ પરમાણુ બોમ્બ અને 'મધર ઓફ ઓલ બોમ્બ્સ' (ઉંછ૪)ના નામ સામે આવી રહ્યા છે. જોકે, ટ્રમ્પ પહેલા જ કહી ચૂક્યા છે કે, ઈરાન વિરુદ્ધ પરમાણુ હથિયારનો ઉપયોગ કરવાની જરૂર નથી. અમેરિકાના રૂઢિચુસ્ત કોમેન્ટેટર ટકર કાર્સને રવિવારે સોશિયલ મીડિયા ઠ પર એક પોસ્ટમાં લખ્યું કે, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, ટ્રમ્પ પર ઈરાન વિરુદ્ધ ફરીથી યુદ્ધ શરૂ કરવાનું દબાણ બનાવી રહ્યા છે. ટકર કાર્સન એક સમયે ટ્રમ્પના કટ્ટર સમર્થક હતા, પરંતુ આજે પરિસ્થિતિ એ છે કે, બંનેના સંબંધો વણસી ચૂક્યા છે. કાર્સનના જણાવ્યા અનુસાર, અમેરિકા આ જ અઠવાડિયે પિકેક્સ માઉન્ટેનમાં આવેલા ઈરાનના અંડરગ્રાઉન્ડ અડ્ડા પર હુમલો કરી શકે છે. જોકે, આ કાર્સનનો દાવો છે. જો કાર્સનનો દાવો સાચો હોય તો નિષ્ણાતો માને છે કે, અમેરિકા પાસે માત્ર એક જ પરમાણુ બોમ્બ છે, જે અંડરગ્રાઉન્ડ વિસ્ફોટ કરી શકે છે. આ મ્૬૧-૧૧ બોમ્બ છે, જેને આ પ્રકારના હુમલા માટે સંભવિત વિકલ્પ માનવામાં આવી રહ્યો છે.પિકેક્સ માઉન્ટેન ઈરાનના નતાન્જ પરમાણુ પરિસરની દક્ષિણમાં આવેલું છે. એવું માનવામાં આવે છે કે, આ પહાડની નીચે ઈરાને પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલો એક અત્યંત સુરક્ષિત અડ્ડો તૈયાર કર્યો છે. જોકે, ઈરાને ત્યાં પરમાણુ પ્રવૃત્તિ હોવાનો ઈનકાર કર્યો છે. પ્રતિષ્ઠિત સંસ્થાઓના અનુમાન મુજબ, આ અડ્ડાનો મુખ્ય ભાગ જમીનથી ઓછામાં ઓછો ૧૦૦ મીટર નીચે હોઈ શકે છે. તેની ઉપર પહાડનો જાડો ખડકાળ ભાગ છે. આ જ કારણ છે કે, સામાન્ય બોમ્બથી તેને નષ્ટ કરવો અત્યંત મુશ્કેલ માનવામાં આવે છે. અમેરિકા પહેલાથી જ ઈરાનના નતાન્જ, ફોર્દો અને ઈસ્ફહાન સ્થિત પરમાણુ અડ્ડા પર હુમલો કરી ચૂક્યું છે. પરંતુ પિકેક્સ માઉન્ટેન અત્યાર સુધી નિશાના પર નથી આવ્યું.

અમેરિકાનો પરમાણુ બોમ્બ છે, જેને જમીનની અંદર આવેલા મજબૂત અડ્ડાઓને નિશાન બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. આ મ્૬૧ બોમ્બ પરિવારનો એક ભાગ છે. તેણે ૧૯૯૭માં અમેરિકી સેનાની સેવામાં સ્થાન મેળવ્યું હતું. આ બોમ્બનું બહારનું માળખું ખૂબ મજબૂત બનાવવામાં આવ્યું છે. જમીન સાથે અથડાયા પછી તે થોડી ઊંડાઈ સુધી ખૂંપી શકે છે, અને પછી વિસ્ફોટ કરે છે. તેનો હેતુ વિસ્ફોટની ઊર્જાને જમીન અને ખડકોની અંદર પહોંચાડવાનો છે, જેથી અંડરગ્રાઉન્ડ સુરંગો અને અડ્ડાઓને નુકસાન પહોંચાડી શકાય. તેનું વજન લગભગ ૫૪૯ કિલોગ્રામ બતાવવામાં આવ્યું છે. તેની વાસ્તવિક વિસ્ફોટક ક્ષમતા જાહેર કરવામાં આવી નથી. તેની શક્તિના અલગ-અલગ અંદાજ લગાવવામાં આવે છે. કેટલાક અનુમાન તેને ૩૪૦ કિલો ટન સુધી બતાવે છે, જ્યારે અન્ય એક અનુમાનમાં ૪૦૦ કિલો ટનનો ઉલ્લેખ છે.જોકે, આ બોમ્બ પહાડની અંદર ૧૦૦ મીટર સુધી સુરંગ બનાવીને પહોંચી શકતો નથી.

વડોદરા કોર્પોરેશનમાં ૩૦ વર્ષથી વોર્ડ સમિતિની રચના નહીં, ૩૦ દિવસમાં અમલ કરવા માગ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા ૩૦ વર્ષથી વોર્ડ સમિતિની રચના કરવામાં આવી ન હોવાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ભારતીય બંધારણના ૭૪મા સુધારા હેઠળના અનુચ્છેદ ૨૪ઉજી અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટની કલમ ૨૯-છનો ઉલ્લેખ કરીને વડોદરા પોલિટિકલ એક્શન કમિટી દ્વારા વોર્ડ સમિતિઓની તાત્કાલિક રચનાની માગ કરવામાં આવી છે. આગામી ૩૦ દિવસમાં શહેરના તમામ વોર્ડમાં વોર્ડ સમિતિઓની રચના કરવામાં આવે તેવી માગ સાથે કમિટીએ મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ, મ્યુનિસિપલ કમિશનર અને મ્યુનિસિપલ સેક્રેટરીને સંયુક્ત આવેદનપત્ર પાઠવ્યું છે.કમિટીના જણાવ્યા મુજબ, ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વોર્ડ સમિતિની રચના માટે કાયદાકીય જોગવાઈ છે. આ સમિતિઓના માધ્યમથી સ્થાનિક નાગરિકોની ભાગીદારી અને વિસ્તારના પ્રશ્નોની રજૂઆત માટે વ્યવસ્થા ઊભી થઈ શકે છે. તેમ છતાં વડોદરા કોર્પોરેશનમાં છેલ્લા ત્રણ દાયકાથી આ સમિતિઓની રચના કરવામાં આવી નથી. સાંઈ ઢેકાણેના નેતૃત્વ હેઠળ પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં બંધારણીય જોગવાઈનો અમલ કરી તમામ વોર્ડમાં તાત્કાલિક વોર્ડ સમિતિઓ



બનાવવાની માગણી કરવામાં આવી છે.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, ૧૯૪૯ની કલમ ૨૯-છ મુજબ, ત્રણ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં રાજ્ય સરકારના નિયમોને આધીન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વોર્ડ સમિતિ અથવા સમિતિઓની રચના કરવાની જોગવાઈ છે. દરેક વોર્ડ સમિતિમાં તેના પ્રાદેશિક વિસ્તાર હેઠળ આવતા વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા કોર્પોરેશનના કાઉન્સિલરોનો સમાવેશ થાય છે. વોર્ડ સમિતિની રચના બાદ પ્રથમ બેઠકમાં ચેરપર્સનની ચૂંટણી કરવામાં આવે છે અને ત્યારબાદ દર વર્ષે તે જ મહિનાની પ્રથમ બેઠકમાં ચેરપર્સનની ચૂંટણી કરવાની જોગવાઈ છે.

News of Gandhinagar Daily
Diwali Ank 2026 Rate Card
— Festive Edition 2026 —

1. સામાન્ય ભાવ - Black & White:
• આખુ પાનું: Rs 30,000
• અડધું પાનું: Rs 15,000
• પા પાનું (1/4): Rs 7,500
• Visiting Card: Rs 2,000

2. Color mi Advertisement: 100% extra
• આખુ પાનું Color: Rs 60,000
• અડધું પાનું Color: Rs 30,000
• પા પાનું Color: Rs 15,000
• Visiting Card Color: Rs 4,000

3. Special Page Extra Charge:
• પહેલા પાને: +50% extra (B/W 45k / Color 90k)
• છેલ્લા પાને: +30% extra (B/W 39k / Color 78k)
• અંદર Choice: +20% extra

4. Booking Rules / બુકિંગ નિયમો:
• 50% Cheque News of Gandhinagar Daily
• Design બનાવી મોકલવાની
• Last Date: 05/11/2026 WhatsApp/Email
• Payment: Cheque / GPay / PhonePay

Email: prdpraval42@gmail.com | GPay/PhonePe: 9824653073
Thank you — શુભ દિવાળી | Happy Diwali!

અમદાવાદમાં જમીન દલાલ સાથે ૫૮.૯૨ કરોડની છેતરપિંડી

જમીન ક્લિયરન્સ, નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપી ત્રણ શખ્સોએ ખેલ પાડી કરોડો પડાવ્યા



અમદાવાદના બોડકદેવમાં રહેતા અને જમીન તેમજ શેરબજારમાં રોકાણ કરતા વેપારી સાથે ૫૮.૯૨ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે. કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા ત્રણ શખ્સોએ જમીનના વિવાદો ઉકેલી આપવાના બહાને અને નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને કરોડોની જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા. નક્કી કરેલી અવેજની રકમ ન ચૂકવી અને બોગસ ખર્ચના નામે હિસાબ આપવાનો ઈનકાર કરી ફરિયાદીના કરોડો રૂપિયા પડાવી લેત કાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.૪૨ વર્ષીય ચિંતન રામીએ ફરિયાદ નોંધાવી છે કે, ફેબ્રુઆરી ૨૦૨૨માં તેઓનો સંપર્ક બોડકદેવ ખાતે કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા દીપક હીરપરા, હર્ષલ હીરપરા અને જીગ્નેશ હીરપરા સાથે થયો હતો. આરોપીઓએ જમીનના વિવાદો ક્લિયર કરી આપવાની ખાતરી આપી હતી અને તે માટેના ખર્ચને પહોંચી વળવા ફરિયાદીની જમીન ૪૦ કરોડના ઉચક ભાવે વેચાણ રાખવાનું નક્કી કર્યું હતું. જોકે, દસ્તાવેજ કર્યા બાદ આરોપીઓએ આશરે ૨૫ કરોડ જ ચૂકવ્યા હતા અને બાકીના ૧૫ કરોડ જમીન ક્લિયર કરવાના રોકડ વ્યવહારોના બહાને પોતાની પાસે રાખી લીધા હતા અને ચિંતનની સહીઓવાળા વાઉચરો મેળવી લીધા હતા.

ઓક્ટોબર ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩ દરમિયાન આરોપીઓએ વધુ ૫૬,૦૦૦ ચોરસ વાર જમીન ક્લિયર કરવા માટે અડધો ભાગ વેચાણ રાખવાનો કરાર કર્યો હતો. આ જમીનની કુલ કિંમત ૧૨૦ કરોડ નક્કી થઈ હતી. જેમાં ચિંતનના ભાગના ૬૦ કરોડમાંથી આરોપીઓએ માત્ર ૩૩ કરોડ ચૂકવ્યા અને ૨૭ કરોડ બાકી રાખ્યા. આ ઉપરાંત અન્ય સર્વે નંબરોના વેચાણમાં પણ ૩૬,૮૪,૯૯,૪૮૭ની રકમમાંથી ૧૬,૯૨,૧૬,૪૮૭ ચૂકવ્યા ન હતા. ચિંતને જ્યારે બાકીના નાણાં માંગ્યા ત્યારે આરોપીઓએ લાલચ આપી હતી કે, આ રકમ તેઓ આ જમીન પર બનનારી નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં રોકાણ તરીકે ગણી લેશે અને મોટો નફો આપશે. આ વિશ્વાસમાં લઈને આરોપીઓએ તમામ જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા.

તમામ દસ્તાવેજો થઈ ગયા બાદ આરોપીઓએ સ્કીમમાં રોકાણ અંગેનું કોઈ લેખિત લખાણ ચિંતનને કરી આપ્યું ન હતું. જ્યારે ચિંતને પોતાની બાકી નીકળતી રકમ અને રોકાણના લખાણની અવારનવાર માંગણી કરી ત્યારે આરોપીઓએ હિસાબ આપવાનો ઈનકાર કર્યો હતો અને જમીન ક્લિયર કરવામાં ૯૦ કરોડનો ખોટો ખર્ચ ઉધારી દીધો હતો. આમ, આરોપીઓએ જમીન ક્લિયર કરવાના નામે અને સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને ફરિયાદીની કુલ ૫૮.૯૨ કરોડ પોતાના અંગત લાભ માટે રાખી લઈ છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

તંત્રી લેખ

હવાઈ મુસાફરોને ઝટકો! હવે કંપનીઓ ઈચ્છા મુજબ વિમાનભાડું વસૂલશે, સરકાર દખલ નહીં કરે

કેન્દ્ર સરકારે હવાઈ ભાડાં અંગે નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭થી એરલાઇન્સ કંપનીઓ પોતાનો સંચાલન ખર્ચ ધ્યાનમાં રાખીને મનમરજી મુજબ ભાડું નક્કી કરી શકશે. સરકારી દખલગીરી રહેશે નહીં, પરંતુ ઇચ્છછને ભાડાંની વિગતો આપવી પડશે અને વેબસાઇટ પર બ્રેકઅપ મૂકવો પડશે. ઈંધણના ભાવવધારાને કારણે હવાઈ મુસાફરી મોંઘી બની શકે છે.હવાઈ મુસાફરો માટે મોટા અને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે હવાઈ ભાડાંને લઈને એક નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નવા નિયમ મુજબ, આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૭થી સરકાર હવાઈ ટિકિટના દર વધારવા કે ઘટાડવા બાબતે કોઈપણ પ્રકારની દખલગીરી કરશે નહીં. આ સાથે જ એરલાઇન્સ કંપનીઓને પોતાનું સંચાલન ખર્ચ ધ્યાનમાં રાખીને મનમરજી મુજબ ભાડું નક્કી કરવાની સંપૂર્ણ છૂટ મળી જશે.સમાચાર વાંસરકારે ઈન્ડિયન એવિએશન રૂલ્સ ૨૦૨૬નું નોટિફિકેશન જાહેર કરીને સ્પષ્ટતા કરી છે કે આ નવી એરફેર પોલિસી ૧ જાન્યુઆરી ૨૦૨૭થી દેશભરમાં લાગુ કરવામાં આવશે. આ નિયમ અમલમાં આવ્યા બાદ એરલાઇન્સ કંપનીઓ પર સરકાર તરફથી ભાડું વધારવા પર કોઈ નિયંત્રણ કે મર્યાદા રહેશે નહીં. જોકે, કોઈ અસાધારણ કે વિશેષ પરિસ્થિતિ ઊભી થશે તો પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને સરકાર હસ્તક્ષેપ કરી શકશે.એક તરફ ભાડાં નક્કી કરવાની છૂટ મળી રહી છે, તો બીજી તરફ એરલાઇન્સ કંપનીઓના સંચાલન ખર્ચમાં પણ મોટો વધારો થઈ રહ્યો છે.

શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ પ્રવીણભાઈ ખાચરને શિક્ષણ અવૉર્ડ એનાયત

બોટાદ/બરવાળા, તા. ૧ નવેમ્બર, ૨૦૨૬

શિક્ષણ ક્ષેત્રે વર્ષોથી નોંધપાત્ર યોગદાન આપનાર બોટાદના જાણીતા શિક્ષક શ્રી અનેશ્રેષ્ઠ સ્ટેજ સંચાલક તથા નેશનલ એવોર્ડ વિજેતા શિક્ષક પ્રવીણભાઈ ખાચરને્ફ૧૩ ચેનલ આયોજિત 'મહા સન્માન પુરસ્કાર' કાર્યક્રમમાં શિક્ષણ અવૉર્ડ એનાયત કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.તા. ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બરવાળા સ્થિત લોર્ડ એસ.કે.ડી. રિસોર્ટ ખાતે યોજાયેલા ભવ્ય અને જાજરમાન સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં અનોખી સેવાઓ આપનાર બોટાદ જિલ્લાના કુલ ૧૦ વ્યક્તિઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવીણભાઈ ખાચરની સેવાઓને બિરદાવી તેમને શિક્ષણ અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ ગૌરવશાળી કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી તથા બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાથે જ વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિરના કોઠારી પ.પૂ. વિવેકસાગર સ્વામીજીની પાવન ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

શિક્ષણ ક્ષેત્રે ઉમદા કાર્યો માટે રાજ્યકક્ષાના મંત્રીશ્રી તેમજ સંતશ્રીની ઉપસ્થિતિમાં સન્માન પ્રાપ્ત થતાં પ્રવીણભાઈ ખાચરની



સેવાકીય પ્રવૃત્તિઓને નવી ઓળખ અને પ્રેરણા મળી છે.

આ પ્રસંગે ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા, બોટાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ પાયલબેન માથોલિયા, નાયબ પોલીસ અધિક્ષક સૈયદ સાહેબ, બરવાળાના પ્રાંત અધિકારી, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ ખસિયા, ્ફ૧૩ના રાજાણી સાહેબ, ચીફ એડિટર ગઢવી સાહેબ, ગજેન્દ્રભાઈ ખાચર સહિત અનેક મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, ભાઈઓ-બહેનો તથા પત્રકાર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રવીણભાઈ ખાચરને મળેલા આ સન્માનથી બોટાદ જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. શિક્ષણ ક્ષેત્રે નિ:સ્વાર્થ સેવા અને વિદ્યાર્થીઓના ઘડતર માટે જોડાયેલા અન્ય શિક્ષણપ્રેમી લોકો માટે આ સન્માન પ્રેરણારૂપ બનશે.

અહેવાલ : કનુભાઈ ખાચર

પ્રવીણભાઈ ખાચરને મળેલા આ સન્માનથી બોટાદ જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. શિક્ષણ ક્ષેત્રે નિ:સ્વાર્થ સેવા અને વિદ્યાર્થીઓના ઘડતર માટે જોડાયેલા અન્ય શિક્ષણપ્રેમી લોકો માટે આ સન્માન પ્રેરણારૂપ બનશે.

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે નવતર પહેલઃ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજથી શરૂ થઈ રહી છે અત્યાધુનિક 'એસી વિસ્ટા ડોમ કોચ' બસ સેવા

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ આપવા અને પ્રવાસીઓને રાજ્યના પ્રાકૃતિક સૌંદર્ય, ઐતિહાસિક વારસો તથા સાંસ્કૃતિક સ્થળોનો યાદગાર અનુભવ કરાવવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ટુરિઝમ દ્વારા એક વિશેષ સંયુક્ત પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત, ભારતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની કુલ ૦૫ વિશિષ્ટ 'એસી વિસ્ટા ડોમ કોચ' બસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પહેલી વિસ્તા ડોમ બસનું લોકાર્પણ કર્યું હતું અને વિસ્ટા ડોમ બસની સફર પણ માણી હતી.



આ આધુનિક બસોમાં પારદર્શક સ્કાય-વ્યૂ રૂફ-ટ્રાન્સપરન્ટ રૂફ ડોમ ડિઝાઇન આપવામાં આવી છે. જેનાથી પ્રવાસીઓ આરામદાયક એસી કેબિનમાં બેઠા-બેઠા ખુલ્લા આકાશ અને આસપાસના નયનરમ્ય દશ્યોનો આનંદ માણી શકશે. આ બસોમાં પ્રવાસીઓની સુવિધા માટે રિવોલ્વિંગ અને ફુલ્લી એડજસ્ટેબલ રિક્લાઇનિંગ સીટ્સ વાળી કુલ ૨૩ સીટો તથા ૧ ડ્રાઇવર માટેની બેઠક ક્ષમતા ધરાવે છે.

આ ઉપરાંત નાગરિકો માટે પ્રીમિયમ એલ.ઈ.ડી. સ્માર્ટ ટી.વી., સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઇલ ચાર્જિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે તેમાં અત્યાધુનિક ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ અને ઇમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.



નાગરિકો રાજ્યના અલગ અલગ પ્રવાસન સ્થળોની મુલાકાત વધુ આકર્ષક રીતે માણી શકે તે હેતુથી આગામી સમયમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો અને હેરિટેજ રૂટ્સ પર પણ આ પ્રકારની બસ સેવા તબક્કાવાર શરૂ કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

આ બસની બોડી પર ગુજરાતના વિશ્વ-પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો જેવા કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અક્ષરધામ, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અડાલજની વાવ, ધોરડો રણ, તરણેતરનો મેળો અને વિજય વિલાસ પેલેસના આકર્ષક ગ્રાફિક્સ દર્શાવવામાં આવ્યા છે.

એક એસી વિસ્ટા ડોમ કોચ બસની કિંમત રૂ. ૨.૧૯ કરોડ છે. આ બસ સેવા માંથી કુલ ૦૫ બસોમાંથી હાલ ૦૨ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જ્યારે બાકીની ૦૩ બસોનું લોકાર્પણ આગામી બે માસમાં કરવાનું આયોજન છે. નાગરિકોએ જ્જીઇઝની વેબસાઇટ પરથી ટિકિટ બુક કરાવી આ બસ સેવાનો લાભ લઈ શકે છે.આ પ્રકારની પ્રીમિયમ વિસ્ટા ડોમ બસ સેવા શરૂ થવાથી ગુજરાતના નાગરિકો અને દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓનો પ્રવાસન એક્સપિરિયન્સ સંપૂર્ણપણે બદલાઈ જશે. હવે પ્રવાસીઓ માત્ર મુસાફરી નહીં પરંતુ રસ્તામાં આવતા કુદરતી નજારાઓ અને ઐતિહાસિક વિરાસતોને એક નવા જ દ્રષ્ટિકોણથી માણી શકશે. આ પહેલ ગુજરાતના પ્રવાસન પરિવહન ક્ષેત્રે એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે અને રાજ્યના ટુરિઝમ સેક્ટરને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જશે.

બહાર વાવાઝોડું ભીતર વાવાઝોડું ભીષ્મપિતા એ બતાવેલો પરમ ધર્મ

દિવાળીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે. બજારોમાં રોશની છે, ઘરોમાં સાફ-સફાઈ છે,પણ આકાશમાં બંગાળની ખાડીમાં એક પછી એક વાવાઝોડું - અર્નબ પછી હવે મુરાસુ વાવાઝોડું ઉભું થયું છે. ખેડૂતની મૂંઝવણ વધી છે. હમણાં જ પાક લણવાનો સમય છે, ત્યાં વરસાદનો ડર. પ્રકૃતિનું આ રૌદ્ર સ્વરૂપ જોઈને મનમાં એક જ પ્રાર્થના નીકળે છે - હે પરમ કૃપાળુ પરમાત્મા, આ દિવાળીના તહેવારો શાંતિમય રીતે પસાર થાય, સૌના ઘરમાં દીવો પ્રગટે.આવી જ મૂંઝવણ,આવી જ વેદના એક સમયે કુરુક્ષેત્રના મેદાનમાં પણ હતી.બાણોની શૈયા પર સૂતેલા ભીષ્મપિતામહ વેદનાથી કણસે છે. સામે સાક્ષાત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ઊભા છે. આજે આ બે ઘટનાઓને સાથે રાખીને આપણે ચિંતન કરવું છે, કારણ કે બહારનું વાવાઝોડું તો હવામાન ખાતું કહેશે, પણ ભીતરનું વાવાઝોડું અન્યાય જોઈને ચૂપ રહેવાનું વાવાઝોડું તેનાથી જ જીવન માં સૌથી મોટો વિનાશ થાય છે.

કુરુક્ષેત્રમાં યુદ્ધ પૂરું થયું છે. ભીષ્મપિતા બાણશૈયા પર છે. ઉત્તરાયણની રાહ જુએ છે. શ્રીકૃષ્ણ પાંડવોને લઈને તેમને મળવા આવ્યા છે. ભીષ્મપિતા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે.

તે સ્તુતિ કરતા કરતા કહે છે, "પ્રભુ, ઊભા છો તેવા જ ઊભા રહેજો!"

શ્રીકૃષ્ણને આશ્ચર્ય થયું. મનમાં વિચાર્યું - આટલા મોટા ભક્ત, આટલા જ્ઞાની, મને બેસવાનું પણ નહીં કહે? માત્ર ઊભા રહેવાનું કહે છે?

અહીં સંત તુકારામ અને પુંડલિકની કથા યાદ આવે છે. પંઢરપુરમાં વિઠ્ઠલનાથ પુંડલિકને મળવા આવ્યા. પુંડલિક માતા-પિતાની સેવામાં હતો. તેણે એક ઈંટ ફેંકીને કહ્યું, "અહીં ઊભા રહો." ભગવાન ત્યારથી ત્યાં જ ઈંટ પર ઊભા છે. તુકારામ મહારાજ પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો પણ આપે છે - "મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા, તેની તે કદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે."

તો ભીષ્મપિતા પણ શું પુંડલિકની જેમ વર્તે છે? ના. ભીષ્મનો ભાવ અલગ છે.

ભીષ્મ કહે છે - પ્રભુ, તમે ઊભા છો તેવા જ ઊભા રહેજો,કારણ કે તમે ઊભા છો ત્યાં સુધી મને તમારા દર્શન થાય છે. જો તમે ચાલ્યા જશો તો મારા પ્રાણ નીકળી જશે. મારું મૃત્યુ બગડશે. તમે મારી સામે ઊભા રહો તો મારું મૃત્યુ સુધરી જશે.

તેથી સંતો કહે છે - રોજ પ્રાર્થના કરો કે,"હે નાથ,મારું મરણ સુધારજો" જીવન તો જેવું જીવાયું તેવું જીવાયું,પણ અંત સમયે તમારું નામ મુખમાં રહે,તમારું સ્વરૂપ આંખ સામે રહે એ જ સાચી કમાણી છે. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરી લો અને પ્રભુને રીઝવી લો. ઘડપણમાં ભક્તિ થતી નથી,ઘડપણમાં તો આખા જીવનની ભક્તિનું ફળ મળે છે.

આ સમયે શ્રીકૃષ્ણ કહે છે, "દાદા, આ ધર્મરાજાને એમ થાય છે કે મારે લીધે બધા મરાયા, મેં સર્વનાશ કર્યો. તેમને શાંતિ મળે તેવો ઉપદેશ આપો."

ત્યારે ભીષ્મપિતા કહે છે,"ધર્મરાજા ની શંકાનું સમાધાન હું પછી કરીશ. પહેલાં મારી એક શંકાનું સમાધાન કરો. મારા પ્રશ્નનો જવાબ આપો."

ભીષ્મનો પ્રશ્ન આખી માનવજાતનો પ્રશ્ન છે. ભીષ્મ કહે છે -મારું જીવન નિષ્પાપ છે. મેં આજીવન બ્રહ્મચર્ય પાળ્યું છે, મારું મન પવિત્ર છે, મારું તન પવિત્ર છે,મારી ઇન્દ્રિયો પવિત્ર છે. મેં કોઈનું ખરાબ કર્યું નથી,છતાં આજે મને આ સજા કેમ થાય છે? મારે બાણોની શૈયા પર સૂવું પડ્યું છે.મને અતિશય વેદના થાય છે. હું નિષ્પાપ છું છતાં મને આ સજા કેમ? તમે કેમ સજા કરો છો?

આપણને પણ આવું જ થાય છે. જ્યારે બહાર વાવાઝોડું આવે,પાક નિષ્ફળ જાય, ઘરમાં બીમારી આવે, ત્યારે આપણે ભગવાનને ફરિયાદ કરીએ છીએ - "મેં શું પાપ કર્યું છે કે મને આટલું દુઃખ આપો છો?"ત્યારે ભગવાન જે જવાબ ભીષ્મને આપે છે, તે જવાબ આપણા સૌ માટે છે.

ભગવાન કહે છે - દાદાજી, આપે પાપ કર્યું નથી તે વાત સાચી છે. તેથી તો હું આપને મળવા આવ્યો છું. જો આપ પાપી હોત તો હું આવત જ નહીં. આપે પાપ કર્યું નથી, પણ આંખથી પાપ જોયું છે. આપે પાપ જોયું તેની સજા છે.

ભીષ્મ ચોંકી ગયા. મેં કયું પાપ જોયું?શ્રીકૃષ્ણ કહે છે - કોઈ પાપ કરે અને તમે તે જુઓ તો એ પણ પાપ છે. કોઈના પાપનો વિચાર કરો તો પણ પાપ છે. માટે કોઈનું પાપ જોશો નહીં, સાંભળશો નહીં, કહેશો નહીં.

તમે સભામાં બેઠા હતા. દુઃશાસન દ્રૌપદીને ખેંચીને ત્યાં લઈ આવ્યો ત્યારે તમે ત્યાં જ હતા. દુર્યોધન કહે છે - દ્રૌપદી દાસી બની છે, તેને નવસ્ત્રી કરો. તે વખતે દ્રૌપદીએ તમને હાથ જોડીને કહેલું - દાદાજી, પતિ હારી ગયા પછી પત્નીને પણ જુગારમાં લગાવવાનો પતિને અધિકાર નથી. ધર્મ શું કહે છે? દાદાજી મારો ન્યાય કરો! હું જિતા કે અજિતા?

તે વખતે તમે શું કહ્યું?તમે કહ્યું- દુર્યોધનનું અન્ન ખાવાથી મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. મને કાંઈ સૂઝતું નથી.

દાદાજી, આવું પાપ ભરસભામાં થાય અને તમે તે નિહાળો તે તમારા જેવા જ્ઞાનીને, વ્રતધારીને શોભે? દ્રૌપદીને આશા હતી કે સભામાં ભીષ્મપિતા,દ્રોણાચાર્ય જેવા વડીલો બેઠા છે તો ચોક્કસ અન્યાય અટકશે.પણ તમે અન્યાય અટકાવ્યો નહીં. એટલે નિરાશ થઈને દ્રૌપદીએ મને પુકાર કર્યો - હે શ્રીકૃષ્ણ, હે દ્વારિકાવાસી, હું કૌરવોથી ઘેરાઈ છું, શું તું નથી જાણતો?

દ્રૌપદીનો પુકાર સાંભળી હું ત્યાં ગુપ્તરૂપે આવેલો હતો. હું બધું જોતો હતો. દુઃશાસન દ્રૌપદીની સાડીઓ ખેંચતો હતો અને તમે તે જોતા હતા! સભામાં અન્યાય થતો તમે જોયો છે, તેની તમને આ સજા થાય છે.

આ સાંભળી ભીષ્મપિતાએ માથું ઝુકાવી દીધું અને નમન કર્યું.આજે આપણે સોશિયલ મીડિયામાં, સમાજમાં,કુટુંબમાં કેટલાય અન્યાય થતા જોઈએ છીએ અને આપણે કહીએ છીએ - "આપણે શું કરવું? આપણું કામ નથી. દુર્યોધનનું અન્ન ખાઈએ છીએ એટલે ચૂપ રહીએ."

ઓફિસમાં કોઈનું શોષણ થતું હોય, સમાજમાં કોઈ સ્ત્રીનું અપમાન થતું હોય, ગામમાં કોઈ ગરીબ પર અત્યાચાર થતો હોય ત્યારે આપણે આંખ આડા કાન કરીએ છીએ. શાસ્ત્ર કહે છે, તે પણ પાપ છે. મૌન રહેવું એ પણ પાપમાં ભાગીદાર બનવા બરાબર છે.

બહારનું વાવાઝોડું -અર્નબ કે મુરાસુ - ખેતરને નુકસાન પહોંચાડશે, પણ ભીતરનું વાવાઝોડું અન્યાય જોઈને ચૂપ રહેવાની વૃત્તિ તે આખા સમાજ ને,આખા ધર્મને ડુબાડી દે છે. દિવાળી પર આપણે લક્ષ્મીની પૂજા કરીએ છીએ, પણ લક્ષ્મી ત્યાં જ રહે છે જ્યાં ધર્મ અને ન્યાય છે.ત્યાર પછી ભીષ્મપિતાએ ધર્મરાજાને ઉપદેશ આપ્યો.સ્ત્રી ધર્મ,આપદ્ધર્મ,રાજ ધર્મ,મોક્ષધર્મ વગેરે સમજાવ્યા.

અંતે યુધિષ્ઠિર પૂછે છે - સર્વ ધર્મોમાં કયા ધર્મને તમે પરમશ્રેષ્ઠ માનો છો? કોના જપ કરવાથી જીવ જન્મ - મરણ ના બંધનથી મુક્ત થાય છે?

ભીષ્મપિતા કહે છે -પુરુષોત્તમના સહસ્ત્ર નામોનું નિરંતર સંકીર્તન કરવાથી પુરુષ સર્વ દુઃખોથી મુક્ત બને છે.તેથી સંતો કહે છે- શિવ મહિમ્ન અને વિષ્ણુસહસ્ત્રનો પાઠ રોજ કરો.શિવજીની સ્તુતિ કરવાથી જ્ઞાન મળે છે. જ્ઞાનથી ભક્તિ દૃઢ થાય છે. વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરવાથી પાપ ટળે છે.

ભગવાન શંકરાચાર્યને વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ બહુ પ્રિય હતો. સૌથી પહેલું ભાષ્ય તેમણે વિષ્ણુસહસ્ત્ર નામ ઉપર લખ્યું છે અને તેમનો છેલ્લો ગ્રંથ છે બ્રહ્મસૂત્ર ઉપરનું શાંકરભાષ્ય. તે પછી તેમણે કલમ મૂકી દીધી.

વિષ્ણુસહસ્ત્રનામમાં દિવ્ય શક્તિ છે. કપાળે વિધાતાએ લખેલા લેખ ભૂંસવાની અને બદલવાની શક્તિ વિષ્ણુસહસ્ત્રનામમાં છે. ગરીબ માણસ વિષ્ણુયાગ ક્યાંથી કરી શકે? મોટા યજ્ઞો તો પૈસાવાળા કરે. પરંતુ ગરીબ માણસ જો વિષ્ણુ સહસ્ત્ર નામના પંદર હજાર પાઠ કરે તો એક વિષ્ણુયાગ કરવાનું પુણ્ય તેને મળે છે.

નિયમ રાખો.ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઈએ.બાર વર્ષ નિયમપૂર્વક

આભાર - નિહારીકા રવિયા સત્કર્મ કરો. રોજ બે વખત પાઠ કરો - એક વખત જમ્યા પહેલા અને એક વખત રાત્રે સૂતા પહેલા.તે પછી અનુભવ થશે. ગમે તે હોય, ભગવાનનું ભજન નિયમિત કરો.

અને અંતે ભીષ્મપિતા ભગવાનની સ્તુતિ કરતા કહે છે - હે નાથ, હું તમને શું ભેટ અર્પણ કરું? મારી પાસે કાંઈ નથી. હે નાથ, મારું મન, બુદ્ધિ આજે તમારા ચરણમાં અર્પણ કરું છું.

આ દિવાળીએ,જ્યારે બહાર વાવાઝોડાનો ડર છે, ત્યારે આપણે અંદરથી મજબૂત બનીએ.

એક સંકલ્પ કરીએ.હવે ક્યારેય અન્યાય જોઈને ચૂપ નહીં રહીએ. જ્યાં શક્ય હોય ત્યાં ન્યાયનો પક્ષ લઈશું.બીજું રોજ વિષ્ણુસહસ્ત્ર નામનો એક પાઠ કરીશું.અને ત્રીજું- ભગવાનને કહીશું-પ્રભુ, ઊભા છો તેવા જ ઊભા રહેજો,અમારા ઘરમાં, અમારા હૃદયમાં.

જો પ્રભુ હૃદયમાં ઊભા હશે,તો બહાર ગમે તેવું વાવાઝોડું આવે, દીવો બુઝાશે નહીં.દિવાળી શાંતિ મય જશે.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 0092
વિષય - પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક - જીવલેણ સોદો
પ્રકાર -પદ્ય. શબ્દ-૧૩૫

અંધ હોડ ભરવી છે,
વિકસિત દેશો સાથે.
નિકંદન કાઢી રહ્યાં છીએ,
પ્રકૃતિનું પોતાને જ હાથે.

જંગલો, નદીઓ ને પર્વતોને,
પૂજતો હતો મારો ભારત દેશ.
પુલો, બંધો ને ઓવરબ્રિજો,
આવી ગયા છે આ સહુને માથે.

પીપળો, વડ, તુલસી ને ઉમરો,
પ્રભુની હાજરીના સાક્ષી રહ્યાં છે.
આંગણા ગયા, ફલેટો આવતાં,
પ્રભુ પણ વિસરાયા એની સંગાથે.

વૃક્ષમાં પણ જીવ છે,
વેદો - પુરાણો એ પણ આ કહ્યું.
ઓવરબ્રિજોએ જાન લીધી અગણિત,
કોણ આ જોઈ રહ્યું છે ઉન્નત માથે?

ના વખોડશો કદી તમારા મોંથી,
આબોહવા પરિવર્તનની આડઅસરોને.
પ્રગતિની આડમાં તમે જ જવાબદાર છો,
પ્રકૃતિનું પતન કરવા તમારા જ હાથે.

કોને આ પ્રગતિથી લાભ થયો,
થઈ કોને હાનિ?
કુદરતી આપદાઓનેય અવગણી !
પ્રગતિનું આ તે કેવું ઝનૂન છે માથે?

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
★★★★★★
NOG SS NO : 003
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : વિકાસની ચમક પાછળ વિલુપ્ત થતી પ્રકૃતિ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૦૫

માનવજીવનની વિકાસયાત્રામાં પ્રગતિએ અનેક નવાં શિખરો સર કર્યાં છે. વિજ્ઞાનની પાંખો પર સવાર થઈને માનવી આજે આકાશની ઊંચાઈઓ માપી રહ્યો છે, સમુદ્રની ઊંડાઈઓ ખૂંદી રહ્યો છે અને ટેક્નોલોજીના અજાયબીઓ સર્જી રહ્યો છે. પરંતુ આ ઝળહળતી પ્રગતિની પાછળ એક કરુણ વાસ્તવિકતા પણ છુપાયેલી છે, જે છે પ્રકૃતિનું સતત થતું પતન.

ક્યારેક લીલીછમ વનરાજીથી શોભતી ધરતી આજે સિમેન્ટનાં જંગલોમાં પરિવર્તિત થઈ રહી છે. વિકાસના નામે વૃક્ષોની કતલ થઈ રહી છે, નદીઓના નિર્મળ નીર પ્રદૂષણથી કલુષિત બની રહ્યાં છે અને આકાશની નિર્મળતા ધુમાડાના કાળા પડછાયામાં ઓગળી રહી છે. પક્ષીઓના કલરવનું સ્થાન વાહનોના કર્કશ અવાજે લીધું છે. ઋતુઓનું સંતુલન ખોરવાઈ રહ્યું છે, વરસાદની અનિશ્ચિતતા વધી રહી છે અને ધરતીનું તાપમાન દિવસેને દિવસે ઊંચું જઈ રહ્યું છે.

માનવીએ સુખ-સગવડનાં અસંખ્ય સાધનો તો સર્જ્યાં, પરંતુ કુદરતના ખોળે મળતી શાંતિ અને સ્વચ્છ હવાને ગુમાવવાની કિંમત પણ ચૂકવવી પડી રહી છે. વિકાસની દોડમાં આપણે ભૂલી ગયા છીએ કે પ્રકૃતિ માત્ર આપણી જરૂરિયાતો પૂરી કરવાનું સાધન નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વનો આધારસ્તંભ છે.

પ્રશ્ન એ નથી કે પ્રગતિ કરવી જોઈએ કે નહીં, પ્રશ્ન એ છે કે પ્રગતિની કિંમત પ્રકૃતિના વિનાશથી ચૂકવવી કેટલી યોગ્ય છે? સાચો વિકાસ એ જ કહેવાય, જેમાં ઉદ્યોગોની સાથે વનરાજી પણ વિકસે, શહેરોની સાથે નદીઓ પણ નિર્મળ રહે અને માનવીની સુખાકારી સાથે જીવસૃષ્ટિનું અસ્તિત્વ પણ સુરક્ષિત રહે.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★
NOG SS--408. વિષય- - પ્રગતિ ની આડ માં પ્રકૃતિ નું પતન શીર્ષક-- વિનાશ તરફ ની દોડ પ્રકાર--ગદ્ય શબ્દો--૩૫૦

કલકલ કરતી નદી નો નાદ, ઝરણા ના કલરવ નું સંગીત,મદમસ્ત થઈ ને ઝૂમતા વૃક્ષો,ચહચહાતા પક્ષીઓ,અને ધરા ના શ્વવાસે શ્વવાસ માં લીલોતરી ની મહેકતી સુંગધ ચારેય તરફ ફેલાતી હોય આ હવે કોરી કલ્પના જ રહી ગઈ છે.

ધરા જ્યારે આલ્હાદિક થઈ ને સુંગધિત થતી હતી ત્યારે ઋતુ ઓ સમયસર પોતાના રંગ બદલતી હતી. આજે માનવ ને પોતાની જાત ને સુખ સાયબી માં રાખવા ની આદત થઈ ગઈ છે તેને કારણે પૃથ્વી પર ઋતુ ની અનિયમિતતા ચાલુ થઈ ગઈ છે અને વિનાશકારી બનતી જઈ રહી છે.ધરતી ના ધબકારા હવે નિયંત્રિત થઈ ગયા છે,ચારેય બાજુ યંત્રો ના ઘોંઘાટ નો શોર થવાથી.

ઘર ની બહાર નીકળતા જ માટી ની ભીની ભીની સુંગધ ને માણવા ને બદલે ચારેય બાજુ પ્રદુષણ ના ધુમાડા નો સામનો કરવો પડે છે.બાળપણ ની મસ્તી,ઝાડ પર લટકી ને હિંચકા ખાવા ના , કાચા કાચા ફળો નો આનંદ લેવો એ હવે મોબાઈલ,ટીવી,ટેક્નોલોજી પર જોઈ ને અને મોટા ની વાતો સાંભળી ને જ સંતોષ કરી લેવો પડે છે.વિકાસ ની રફતાર ને કારણે નદી ઓ ના કલરવ નહેરો ડેમો માં કેદ થઈ ગયા છે .વિશાળકાય પહાડો પથ્થરો ની ખાણો બની ગયા છે. કાગળો ના બહુ વપરાશ ને કારણે વૃક્ષો ઓમ સ્વાહા થઈ રહ્યા છે ને પક્ષીઓ લુપ્ત થવાના કગાર પર પહોંચી રહ્યા છે કારણકે માનવો ના આધુનિક ઘર બનાવવા માં પક્ષી ઓ ના ઘરો નું બલિદાન આપવું પડે છે.
પ્લાસ્ટિક ના કચરા ના ઢગલા ,સિમેન્ટ ના ધુમાડા નું હવા માં ઝેર ફેલાતાં ફેલાતાં ધરતી ને નિઃસહાય,ને લોહીલુહાણ કરી રહ્યુ છે.

આપણી પ્રગતિ આપણને અધોગતિ તરફ લઈ જઈ રહી છે.આપણા અસ્તિત્વ ને બચાવવા માં પ્રકૃતિ ને કચડી રહ્યા છીએ. જ્યારે પ્રકૃતિ કોપાયમાન થઈ જાય ત્યારે કેટલાય મોંઘાં સોના ના પીંજરા અસહાય થઈ જાય છે. આપણે વિજ્ઞાન સાથે સંવેદના કેળવી ને આ અમૂલ્ય ધરા ને જીવન આપી શકાય છે,તેને બચાવી શકાય છે.

"હજી પણ સમય છે માનવી, ચેતી જા, રોકી લે આ વિનાશ ની દોડ ને,
પ્રકૃતિ સાથે આંધળી હોડ કરવાનું છોડી દે,મૂકી દે આધુનિકતા ની દોડ ને,
સુંદર જીવન માણવું હશે તો પ્રકૃતિ ની ગોદ માં પોતાને સમર્પિત કરવી પડશે.
કુદરત ને પડકાર કરવા ને બદલે કુદરત ના ચરણો માં ઝૂકવું પડશે."

પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)
★★★★★★★
NOG SS NO.:101
વિષય પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક દિશા બદલીએ
પ્રકાર:ગદ્ય લેખ શબ્દો ૩૫૦

આજના યુગને આપણે પ્રગતિનો યુગ કહીએ છીએ. ચારેબાજુ ટેકનોલોજી, ગગનચુંબી ઈમારતો, ઝડપી વાહનો અને સુવિધાઓનો ઢગલો છે. આ પ્રગતિના ચકાચૌંધમાં આપણે એક સૌથી મહત્વનો સવાલ ભૂલી ગયા છીએ કે આ પ્રગતિની કિંમત કોણ ચૂકવી રહ્યું છે? જવાબ છે, આપણી પ્રકૃતિ.
પ્રગતિ એટલે શું, તે સમજવામાં જ આપણે થાપ ખાઈ ગયા. સાચી પ્રગતિ એ છે જે માનવ અને પ્રકૃતિ બંનેને સાથે લઈને ચાલે. આપણે પ્રગતિનો અર્થ ફક્ત ભૌતિક સુખ-સુવિધા અને આર્થિક વિકાસ સમજી લીધો છે. વધુ ઉત્પાદન માટે આપણે કારખાનાઓ નાખ્યા, તેના ધુમાડાથી હવા ઝેરી બની. વધુ રહેઠાણ માટે જંગલો કાપ્યા, જેના કારણે અસંખ્ય જીવો બેઘર બન્યા અને જૈવ વિવિધતા નાશ પામી.
આ પતન આપણી આંખો સામે જ થઈ રહ્યું છે.
૧. જંગલોનું નિકંદનઃ શહેરો વિસ્તારવા અને લાકડું મેળવવા આપણે આડેધડ વૃક્ષો કાપી રહ્યા છીએ. વૃક્ષો એ પૃથ્વીના ફેફસાં છે. તે કાપવાથી ઓક્સિજન ઘટ્યો છે, વરસાદ અનિયમિત બન્યો છે અને જમીનનું ધોવાણ વધ્યું છે.
૨. પ્રદૂષણનો રાક્ષસઃ કારખાનાનું ગંદુ પાણી સીધું નદીઓમાં ઠલવાય છે. પ્લાસ્ટિકનો કચરો જમીન અને સમુદ્ર બંનેને ગૂંગળાવી રહ્યો છે. વાહનો અને એસીના કારણે હવામાં કાર્બન ડાયોક્સાઈડ વધતા ગ્લોબલ વૉર્મિંગ જેવી ભયાનક સમસ્યા સર્જાઈ છે.
૩. કોંક્રિટના જંગલોઃ ખેતરો અને તળાવો પૂરીને ત્યાં સોસાયટીઓ બની રહી છે. જમીનમાં પાણી ઉતરતું બંધ થયું છે, તેથી દર વર્ષે પાણીની તંગી વધે છે. ઉનાળામાં શહેરો ભઠ્ઠી જેવા ગરમ લાગે છે, કારણ કે ઝાડની ઠંડક ગાયબ થઈ ગઈ છે.
આનું પરિણામ શું? ઋતુઓએ પોતાનું સમયપત્રક ગુમાવ્યું છે. ક્યારેક કમોસમી વરસાદ, ક્યારેક ભયંકર દુકાળ. નવા નવા રોગો ફેલાઈ રહ્યા છે. જે હવા, પાણી અને જમીન વિના જીવન શક્ય નથી, તે જ આપણે પોતાના હાથે બગાડી રહ્યા છીએ.
તો શું પ્રગતિ અટકાવી દેવી? ના. જરૂર છે દિશા બદલવાની. એવો વિકાસ કરીએ જેમાં સોલાર અને પવન ઉર્જા જેવી સ્વચ્છ ઉર્જા હોય, જાહેર પરિવહનનો વધુ ઉપયોગ હોય, વૃક્ષારોપણ ફરજિયાત હોય અને કચરાનું રિસાયકલિંગ થતું હોય.
પ્રકૃતિ વિના માનવનું
આભાર - નિહારીકા રવિયા અસ્તિત્વ શક્ય નથી, પણ માનવ વિના પ્રકૃતિ વધુ સારી રીતે ખીલી શકે છે. આ સત્ય આપણે જેટલું વહેલું સમજીશું તેટલું સારું. પ્રગતિ ત્યારે જ સાચી કહેવાશે, જ્યારે આપણી આવનારી પેઢીને પણ આ જ લીલી, સ્વચ્છ અને જીવંત પૃથ્વી વારસામાં મળશે.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★
NOG SS No: 110
વિષય- પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક- 'હે માણસ! તું હજુ ચેતી જા'
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૯

આ સૃષ્ટિની રચના થઈ ત્યારે સર્જનહારે દરેક જીવ માટે એવી સુંદર સમતોલ જીવનવ્યવસ્થા કરીને હળીમળીને આનંદપૂર્વક જીવવા માટે આપણને સૌને સુપ્રત કરી હતી. યુગો વિતતા ગયા. જીવોમાં ઉત્ક્રાંતિ આવી. મનુષ્ય પણ એનો ભાગ બન્યો. ધીમે ધીમે મનુષ્ય પોતાની વિદ્વત્તાને કારણે સમગ્ર મનુષ્યજાતની જીવનશૈલી ઉચ્ચતમ બનાવવા અગ્રેસર થયો. બીજા પ્રાણીઓ કરતાં મનુષ્ય વધુ બુદ્ધિશાળી અને કૌશલ્યવંત હોવાને કારણે આ આખા જગતનો માલિક બની સમગ્ર સૃષ્ટિને બાનમાં લઈ પોતાની પ્રગતિની આડમાં પ્રકૃતિ સાથે ચેડાં કરવા લાગ્યો. બસ ત્યારથી આજ સુધી આ પ્રક્રિયા ચાલુ જ છે.

છેલ્લી કેટલીક સદીઓમાં બુદ્ધિજીવી માણસે આધુનિક ટેકનોલોજીના ઘોડા ઉપર સવાર થઈને પ્રગતિમાં હરણફાળ ભરી. ટેકનોલોજીના ઉપયોગને કારણે શારીરિક શ્રમનું સ્થાન મશીનો અને ઉપકરણોએ લીધું અને માણસ પોતે આધુનિક ટેકનોલોજીની પાંખ ઉપર બેસીને ચંદ્ર અને મંગળ સુધી પહોંચી ગયો. પ્રત્યેક માણસનું રોજિંદુ જીવન સુખ સુવિધાઓથી ભરપૂર બનવા લાગ્યું. મનુષ્યની પ્રગતિની આ દોડ એટલી તેજ થઈ ગઈ કે તેને પાછળ શું છૂટતું જાય છે એ જોવાની પણ ફૂરસદ રહી નહીં.

છેલ્લાં કેટલાંય વર્ષોથી દરેક ક્ષેત્રમાં નવી ટેકનોલોજી પોતાનો પગદંડો જમાવી રહી છે. ઔદ્યોગીકરણ પૂરપાટ ગતિએ વધતું જાય છે. માણસ પ્રગતિ તો કરી રહ્યો છે પરંતુ તેની આડઅસર પોતાના અને સમગ્ર સૃષ્ટિના જીવનને ખરાબ રીતે પ્રભાવિત કરી રહી છે એને સતત અવગણતો જાય છે. પ્રદૂષણ બેફામ વધતું જાય છે. જંગલોના નિકંદનને કારણે ઋતુઓનું સમતોલન ખોરવાતું જાય છે. પીવા લાયક પાણીની અછત સર્જાતી જાય છે. નદીઓ ઉપર બાંધ બાંધીને તેના વહેણ બદલવામાં આવે છે. પર્વતો કાપીને તેમાં માર્ગ બનાવાય છે. ક્યાંક પર્વતો ઊંચાઈ ગુમાવી રહ્યા છે. ક્યાંક અણધાર્યો હિમપ્રપાત થાય છે તો ક્યાંક ન ધારેલી આફતરૂપ વાવાઝોડા ઉદભવે છે અને કમોસમી અનરાધાર વરસાદ વરસી નદીઓમાં વિનાશક પૂર લાવે છે. જંગલોમાં ભયાનક આગ લાગે છે. પૃથ્વીના પેટાળમાં ધરખમ ફેરફાર થઈ રહ્યા છે. ધરતીકંપ અને સુનામીનો ભય માનવજીવનને ભયભીત કરીને રાખે છે.

માણસ પ્રગતિ કરવામાં જો પોતાની બુદ્ધિ સાથે વિવેકનો ઉપયોગ નહીં કરે તો પ્રકૃતિ તેને ક્યારેય માફ નહીં કરે અને સૃષ્ટિનું સમતોલન જોખમાશે ત્યારે ઊભી થનાર પ્રલય જેવી પરિસ્થિતિમાંથી માણસ બચી નહીં શકે. માટે હે માણસ! તું હજુ ચેતી જા અને પ્રકૃતિ સાથે સંવાદિતા સાધીને જીવતાં શીખ.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★
NOGSS /0044
વિષય :- પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન.
શીર્ષક :- આર્તનાદ.
પ્રકાર :- ગદ્ય
શબ્દો :-૩૭૦

બ્રહ્માજીએ રચના કરેલી એ હું અરવલ્લીની ડુંગરાળ પર્વતોની પ્રકૃતિ છું. પર્વતોની હારમાળામાં હું અરવલ્લીની સુંદર કૃતિ છું
હા, હું અરવલ્લી પર્વત. હિંદુ ધર્મમાં ગાયને માતા,નદીને માતા અને પર્વતને પિતા કહે છે એટલે જ તમે બધાં મારા સંતાનો આગળ હું મારાં બચાવની ટહેલ નાંખુ છું.
"૧૦૦ મીટરથી વધુ ઊંચાઈને પર્વતમાં ગણવાનું નક્કી થયું..
મારી ઉંચાઈ કદાચ ઓછી હોય તો એમાં મારો શું વાંક...??

હું રણને આગળ વધતા રોકું છું..
રુપિયા કમાવવા માટે મારું ખનન અને હનન કરવામાં આવશે તો મારામાં રહેલા ખનીજ તત્વો અને કુદરતી સંપત્તિઓ ગુમાવશો..
અને સરવાળે અનેક જીવો અને સમગ્ર માનવજાતને મોટું નુકસાન થશે.. માટે મારો આર્તનાદ સાભળો..
મને બચાવો ...બચાવો...બચાવો.
મારા વ્હાલા સંતાનો, પૃથ્વીનું સર્જન થયું ત્યારથી હું આમ અડીખમ ઊભો રહી આપ સૌનું રક્ષણ કરું છું એ તમારાથી ક્યાં અજાણ્યું છે!
આજે મારા જ કેટલાક સંતાનો મને નેસ્તનાબૂદ કરવા તૈયાર છે ત્યારે મારા બીજા સંતાનો મને બચાવવા આગળ આવો. મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે મારા સંતાનો કે જે કર્મ અને પ્રભુને સમજે છે, ભ્રષ્ટાચારથી વિમુખ છે એ તો મને બચાવશે જ.
બધા જ મારા સંતાનો,છતાં કેટલાક લોકોને કુમતિ સુજી છે!

મારું નિકંદન કાઢવાના પ્રયત્ન થશે તો મારામાં વસતાં અનેક જીવો નાશ પામશે. મારામાંથી ફુટતા ,ઊછળતાં ફૂદતાં ઝરણાં, મોજથી રહેતાં પંખીડા, વનસ્પતિ, વન્ય જીવો બધાનું જ નિકંદન!ભૂગોળમાં તો તમે મારા વિશે કેટલા બધું ભણ્યા છો ભૂલી ગયા?
આવનારી પેઢીનો તો વિચાર કરો. કેટલાકને પૈસા વાળા થવું છે એમાં પ્રકૃતિનું નિકંદન!
થોડાક લોકો પૈસા માટે મારું હનન અને ખનન કરવા તૈયાર થયા છે જેને કારણે અનેક અબોલ નિર્દોષ જીવો નાશ પામશે, લુપ્ત થઈ જશે અને માનવ સમુદાયને મોટું નુકસાન થશે.
મારું ખનન થવાથી સમગ્ર માનવજાતને નુકશાન થશે એનો વિચાર કર્યો છે ? આમ માનવી
કુદરતની સામે પડ્યો છે પછી કુદરત તમને છોડશે? જરા તો માનવતા બતાવો. ભૂલી ગયા કોરોના કાળ? એટલે જ એકસાથે સૌ ભેગા મળીને જાગૃત થાવ. મા ભોમનાં શ્વાસ માટે આ ખનન અટકવું જ જોઈએ. આવનાર પેઢીનો વિચાર કરો..
મને બચાવી લો, મને નહીં બચાવો તો તમારું અસ્તિત્વ પણ જોખમાશે .
આપ સૌને મારી આજીજી છે કે સંકલ્પ લો અરવલ્લી બચાવીને જ રહીશું. 'ઝાઝા હાથ રળીયામણાં' સૌ ભેગાં મળીને બુલંદ અવાજે રજુઆત કરો તો જ આ હનન , આ ખનન , આ નુકસાન અટકશે.
પર્વતમાળા, રણ આગળ વધતું અટકાવે , વરસાદ ખેંચી લાવે.
આજે મારું નિકંદન નહીં અટકાવશો તો કાલે નદીને પણ પૂરાણ કરીને સિમેન્ટ -કોંક્રીટનાં જંગલો બનાવાશે અને એટલા માટે જ હું તમને આજીજી કરું છું ..કે ,

મને બચાવી લો, બચાવી લો , બચાવી લો. "

વિભૂતિ દેસાઈ, ઘાસવાલા.
બીલીમોરા.
★★★★★★★
Nog ss no : 229
વિષય : પ્રકગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : પતન કે પ્રગતિ?
પ્રકાર:ગદ્ય શબ્દોઃ૨૭૫

માનવી ઈશ્વરનું અભૂતપૂર્વ સર્જન છે. તે પોતાના નકારાત્મક સ્વાર્થી અને લોભી કાર્યો દ્વારા વગર વિચારે માનવ જાતનું ભયાનક પતન કરી નાખે છે. ઈશ્વરે સંતુલિત પ્રકૃતિ બનાવેલ છે. અસંતોષાને કારણે માનવી ખૂબ પૈસો ભેગો કરવાના માટે પ્રકૃતિનો નાશ કરે છે. પ્રભુની બનાવેલી સંતુલિત સૃષ્ટિમાં જળ જમીન અને વાયુના જીવોને જીવવા વિકસવાનો પૂરતો અવકાશ પ્રભુએ રાખેલો હોય છે.
પરંતુ માનવી પોતાના અમર્યાદલોભને કારણે સિમેન્ટના જંગલો ઊભા કરીને ગામની શાંતિ અને સૌંદર્ય હણીને ઊંચા ટાવરવાળા શહેરોનું નિર્માણ કરે છે.
.વિશ્વમાં પ્રભુસર્જિત જળ,વાયુ,જમીન,પ્રકાશ અને અગ્નિના પંચમહાભૂતોથી માનવીનો દેહ ઘડાય છે. તેથી માનવીના જીવનમાં સામાજિક આર્થિક અને પ્રાકૃતિક સંતુલિત જીવન જરૂરી છે.
આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સૂત્ર અનુસાર સૌનો સાથ સૌનો વિકાસ એ મુજબ દરેક ભારતીયો અને વિશ્વની જનતા પણ કાર્ય કરવા જોઈએ. જેનાથી પ્રકૃતિની ગરિમા સાચવીને વિશ્વને પણ મહાન પ્રગતિશીલ બનાવી શકાય. પ્રાકૃતિક સંતુલનથી કુદરતી સુખ શાંતિ જીવનમાં મળી શકે છે. જેનાથી સમગ્ર સૃષ્ટિનો વિકાસ થાય છે.

- "પ્રપાશી " પરેશ મ. પાઠક(અમદાવાદ)

ષટ્કર્મ - તંત્રના ૬ પ્રયોગોની વાસ્તવિકતા : મારણ, મોહન, વશીકરણ, સ્તંભન, ઉચ્ચાટન, વિદ્વેષણ - એક સમજ!(સંત સુરા)

એક ગહન, ગુઢ અને રહસ્યમય અભ્યાસક્રમ મુજબ તંત્ર શાસ્ત્રમાં ૬ કર્મ કહ્યા છે - મારણ, મોહન, વશીકરણ, સ્તંભન, ઉચ્ચાટન અને વિદ્વેષણ. તેને ષટ્કર્મ કહે છે.

૧. મારણ - બીજાના વિનાશની ભાવના. સૌથી નિમ્ન કર્મ. શાસ્ત્ર કહે છે જે બીજાનું મારણ કરે તેનું પોતાનું પતન પહેલા થાય.

૨. મોહન - કોઈને મોહિત કરવું, ભ્રમિત કરવું. સામેવાળાને પોતાની તરફ ખેંચીને તેની બુદ્ધિને ભુલાવવી. આજના સમયમાં ખોટી જાહેરાત, ખોટા વાયદા એ જ મોહન છે.

૩. વશીકરણ - મનને વશ કરવું. બધાને લાગે છે મંત્રથી થાય. પણ સાચું વશીકરણ તો પ્રેમ, વાણી અને વ્યવહારથી થાય છે.

૪. સ્તંભન - ગતિને રોકવી. કોઈના કામને, વાણીને, પ્રગતિને અટકાવવી. સૌથી મોટું સ્તંભન માણસ પોતે પોતાનું કરે છે - ડરથી અને આળસથી.


૫. ઉચ્ચાટન - કોઈને તેના સ્થાનેથી ઉખેડવું. તેના મનમાં અશાંતિ પેદા કરવી જેથી તે પોતાની જગ્યા છોડી દે. આજે ઓફિસમાં, સમાજમાં જે રાજકારણ થાય છે તે જ ઉચ્ચાટન છે.

૬. વિદ્વેષણ - બે વચ્ચે ઝઘડો કરાવવો, ફૂટ પાડવી. બે મિત્રો, બે ભાઈઓ વચ્ચે નફરત પેદા કરવી. આનાથી કરનારો ક્યારેય સુખી નથી થતો! ખેર, આ ૬ કર્મ બહારના નથી, અંદરના છે. જે બીજા માટે કરે છે તે પહેલા પોતાના મનમાં પેદા થાય છે!સાચો માર્ગ એક જ છે - બીજાને નહીં, પોતાના અવગુણોને વશ કરો, તેનું મારણ કરો, તેનું સ્તંભન કરો!(અગત્યની સ્પષ્ટતા અને નોંધ: - આ કટારમાં માત્ર માહિતી એક સમજ માટે આપેલી છે.એમાં કોઈ વિધિ કે, મંત્ર કરવાની રીત નથી! વિજ્ઞાન આ પ્રયોગો અંગેની કોઈ પૃચ્છા, પુષ્ટિ કે ખરાઈ કરતું નથી માટે તેને માન્યતાનાં એક વિષય તરીકે જ જોવી તથા દર્શાવિલ હકીકત અને વિગત સાથે આ વિભાગમાં કાયમ જ અત્રે લખતા કટાર લેખક સહમત છે એમ માની લેવું નહીં!અભ્યાસ લેખ .

★લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ શૈક્ષણિક સંકુલ - બોટાદના કર્મચારીને મળ્યો બેસ્ટ ઈનોવેટિવ ટીચર એવોર્ડ

શક્ષણ ક્ષેત્રમાં નવીન અભિગમ અપનાવા બદલ ગુરૂકુળ - બોટાદના કર્મચારી પસંદગી કરાઈ



શ્રેષ્ઠ શિક્ષણ અને ઉચ્ચતમ પરિણામ થકી બોટાદ પંથકનું નામ રોશન કરનાર ગુરૂકુળ બોટાદ માં ગૌરવ સમાન વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. ગુરૂકુળ બોટાદ ના કર્મનિષ્ઠ કર્મચારી શ્રી તુષારભાઈ બી. ગોહિલને તેમની ઉત્કૃષ્ટ શૈક્ષણિક સેવાઓ અને નવીન વિચારો માટે ×શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષક એવોર્ડ× થી સન્માનિત કરવામાં આવ્યા છે. નવનીત એજ્યુકેશનલ પ્રકાશન દ્વારા સમગ્ર ગુજરાતમાંથી ૧૦,૦૦૦ કરતા વધારે આચાર્યો અને શિક્ષકો પાસેથી ઓનલાઈન શૈક્ષણિક વિચારો મંગાવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી આવેલા અનેક શ્રેષ્ઠ વિચારોમાંથી ચકાસણી કરી પસંદગી પામેલ શિક્ષકોમાં શ્રી તુષારભાઈ બી. ગોહિલના શૈક્ષણિક વિચારની પસંદગી કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રમાં નવીન અભિગમ અપનાવી વિદ્યાર્થીઓ માટે શિક્ષણને વધુ રસપ્રદ અને સરળ બનાવવા બદલ તેમને આ ગૌરવવંતી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. તે બદલ શાળાના વડા શ્રી સ્વામી માધવસ્વરૂપદાસજી તથા સંત મંડળે વિશેષ ને વિશેષ પ્રગતિ કરતા રહો તેવા આર્શીવચન પાઠવ્યા તેમજ દરેક કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમા શ્રી દિલીપભાઈ સંઘાણીનો અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો



ભારતીય સહકાર કોઓપરેટિવ એલાયન્સ‘ (ઈઅઈ)ના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી પનામા ખાતે યોજાયેલી ચૂંટણીમાં વિશ્વના ૧૦૮ દેશોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા ‘ઇન્ટરનેશનલ ચળવળના અગ્રણી અને ઈફ્કો (ઈઅઈ)ના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી પનામા ખાતે યોજાયેલી ચૂંટણીમાં વિશ્વના ૧૦૮ દેશોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા ‘ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ‘ (ઈઅઈ)ના ડાયરેક્ટર પદે ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. વૈશ્વિક ફલક પર ભારત અને ગુજરાતનું ગૌરવ વધારતી આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અડાલજ ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમનો ભવ્ય અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો હતો.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે, સંબોધન કરતા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સબળ નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે નિર્માણ પામેલા અનુકૂળ વાતાવરણના પરિણામે જ આજે ભારતીય નેતૃત્વને આંતરરાષ્ટ્રીય મંચ પર આવી ઐતિહાસિક સફળતાઓ મળી રહી છે. તેમણે વર્ષ ૧૯૭૮થી ૨૦૨૬ સુધીની શ્રી દિલીપભાઈ સંઘાણીની પાંચ દાયકા લાંબી સમાજ અને સહકાર ક્ષેત્રની સમર્પિત સેવાયાત્રાને બિરદાવી હતી. વધુમાં, તેમના ૪૨ સભ્યોના સંયુક્ત પરિવારની ‘વસુધૈવ કુટુંબકમ‘ની પ્રાચીન ભારતીય ભાવનાની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લા ચાર વર્ષમાં ઈફ્કો (ઈઅઈ) દ્વારા નોંધાવવામાં આવેલી અભૂતપૂર્વ પ્રગતિ અને સફળતાએ શ્રી દિલીપભાઈની કાર્યકુશળતા અને ઉત્કૃષ્ટ વહીવટી ક્ષમતાનું પ્રત્યક્ષ પરિણામ છે અને તમામ ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે.આ ભવ્ય સમારોહમાં રાજકીય, સહકારી અને વ્યાપારિક ક્ષેત્રના અનેક દિગ્ગજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રાજકોટના સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, અગ્રણી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પૂર્વ કે.સી.એમ. અને અન્નપૂર્ણા ધામના પ્રમુખ શ્રી નરહરીભાઈ અમીન, પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઈ કાકડીયા તેમજ અગ્રણી શ્રી પ્રશાંત કોરાટ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ઘ્ઝ્ઝૈં), અમદાવાદ બિલ્ડર એસોસિએશન (છમ્છ), સમસ્ત પાટીદાર સમાજ અને ‘ધ ડાયસ્ટફ્સ એસોસિએશન‘ સહિત વિવિધ સહકારી અને સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ તેમજ મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી દિલીપભાઈ સંઘાણીને આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલી આ ભવ્ય સફળતા બદલ હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

હિંદુ જનજાગૃતિ સમિતિના રજત મહોત્સવ વર્ષમાં પ્રવેશ નિમિત્તે કોલ્હાપુરમાં સદિચ્છા ભેટ !

કોલ્હાપુર : હિંદુ જનજાગૃતિ સમિતિના રજત મહોત્સવ વર્ષમાં પ્રવેશ નિમિત્તે શ્રૃંગેરી શારદા મહાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શ્રી વિધુશેખર ભારતી મહાસ્વામીજી સાથે સમિતિના પ્રતિનિધિમંડળે હાલમાં જ સદિચ્છા ભેટ લીધી. આ પ્રસંગે સ્વામીજીએ સમિતિ દ્વારા કરવામાં આવી રહેલા ધર્મપ્રસારના કાર્યની વિશેષ પ્રશંસા કરતા કહ્યું, ‘‘સમિતિનું કાર્ય ઉત્તમ છે અને આ કાર્યને અમારા આશીર્વાદ છે.’’



કોલ્હાપુર સ્થિત ‘શ્રી અનઘાદત્તાધામ’ ઉપક્રમનું શિલાન્યાસ જગદ્ગુરુ શ્રી શ્રી વિધુશેખર ભારતી મહાસ્વામીજીના શુભહસ્તે હાલમાં જ સંપન્ન થયું. આ મંગળ પ્રસંગે હિંદુ જનજાગૃતિ સમિતિના શ્રી. શિવાનંદ સ્વામી, શ્રી. આદિત્ય શાસ્ત્રી અને શ્રી. મહેંદ્ર અહિરેએ શંકરાચાર્યજી સાથે ભેટ લઈને સમિતિના રાષ્ટ્ર અને ધર્મકાર્ય માટે તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આ પ્રસંગે શ્રી અનઘાદત્તાધામના સ્થાપક અધ્યક્ષ વેદમૂર્તિ સુહાસ જોશીગરુજી પણ પ્રમુખરૂપે ઉપસ્થિત હતા.

આ વિશેષ ભેટ દરમિયાન સમિતિ વતી સ્વામીજીને શાલ અને શ્રીફળ અર્પણ કરીને કૃતજ્ઞતાપૂર્વક તેમનો સત્કાર કરવામાં આવ્યો. સાથે જ, સમાજમાં ધર્મજાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી સમિતિ દ્વારા પ્રકાશિત ‘હલાલ જિહાદ?’, ‘હિંદુ રાષ્ટ્ર : આક્ષેપ અને ખંડન’ અને ‘ધર્મશિક્ષણ ફલક’ આ ત્રણ ગ્રંથો સ્વામીજીને સપ્રેમ ભેટ આપવામાં આવ્યા. હિંદુ જનજાગૃતિ સમિતિના રજત મહોત્સવ વર્ષમાં સ્વયં શંકરાચાર્યજીના આશીર્વાદ પ્રાપ્ત થવાથી સમિતિના કાર્યકર્તાઓએ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે.

વડાલીમાં કમોસમી વરસાદથી પાકને નુકસાનની ભીતિ: ‘આપ’એ ખેડૂતોનું ૩ લાખ સુધીનું દેવું માફ કરવાની માંગ કરી



રાજયમાં ચાલુ વર્ષે ચોમાસું નબળું રહેતાં જળાશયો અને નદી-તળાવો તળિયાઝાટક બન્યા છે, ત્યારે વડાલી પંથકના ખેડૂતો પર પડ્યા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. બે દિવસ અગાઉ વડાલી પંથકમાં અચાનક ખાબકેલા કમોસમી વરસાદ (માવઠાં)ને કારણે ખેતરોમાં ઉભેલા બાકી બચેલા પાકને પણ વ્યાપક નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર કુદરતી આપત્તિ વચ્ચે આમ આદમી પાર્ટીએ જગતના તાતની વહારે આવી રાજય સરકાર સમક્ષ દેવામાફીની ઉગ્ર માંગણી કરી છે.

વડાલી શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ જગદીશભાઈએ સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશ જાહેર કરીને ખેડૂતોની દયનીય સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, એક તરફ નબળા ચોમાસાને લીધે દુષ્કાળ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે, અને બીજી તરફ અણધાર્યા કમોસમી વરસાદે ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. પાક સંપૂર્ણપણે નિષ્ફળ જતાં ખેડૂતો આર્થિક સંકટમાં ઘેરાઈ ગયા છે.

આ સંકટમાંથી ધરતીપુત્રોને ઉગારવા માટે તેમણે ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરતાં માંગ કરી છે કે, પ્રત્યેક ખેડૂતનું ?૩ લાખ સુધીનું દેવું તાત્કાલિક ધોરણે સંપૂર્ણપણે માફ કરવામાં આવે. જગદીશભાઈએ ભારપૂર્વક જણાવ્યું કે, દેવાના બોજ તળે દબાયેલા ખેડૂતો ફરી બેઠા થઈ શકે અને આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર આવી શકે તે માટે સરકાર કોઈપણ પ્રકારનો વિલંબ કર્યા વિના ત્વરિત અને સકારાત્મક નિર્ણય લે.

દિવાળીના તહેવારોને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની વિશેષ ઝુંબેશ: ખાદ્યચીજોના ૯૦ નમૂના લેવાયા



ગાંધીનગર તા.૦૨ નવેમ્બર-

નવરાત્રીથી લઈને દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને સલામત ખોરાક મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા ઓક્ટોબર માસમાં જિલ્લામાં ખાસ ઝુંબેશરૂપે તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

“ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬” હેઠળ જિલ્લાની વિવિધ પેઢીઓની ઓક્ટોબર માસ દરમિયાન ખાસ તપાસ કરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળોએથી ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા મિઠાઈ, ફરસાણ, ઘી, ખાદ્યતેલ વગેરે વિવિધ ખાદ્યચીજોના કુલ ૯૦ નમૂનાઓ લેવામાં આવ્યા છે. જે પૈકી ૫૦ પેઢીઓની એક્ટની જોગવાઈઓ હેઠળ ખાસ તપાસ કરી ખાદ્યવસ્તુઓની ગુણવત્તા ચકાસવામાં આવી હતી.

તપાસ દરમિયાન સેનિટેશન અને હાઈજીનિક કન્ડિશન અન્વયે ક્ષતિઓ જણાતા ૦૧ પેઢીને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. જો નોટિસ આપ્યા બાદ પણ સુધારો નહીં જણાય તો પેઢીનું લાયસન્સ કે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાયમી ધોરણે રદ્દ કરવા સુધીની સખત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. લીધેલા તમામ નમૂનાઓના પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરાશે.

આ ઉપરાંત, ‘ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ’ વાન દ્વારા જિલ્લામાં કુલ ૨૦૩ ખાદ્યચીજોનું સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પલ્લી મેળા તેમજ અન્ય તહેવારો નિમિત્તે લાગેલા સ્ટોલ્સ અને પેઢીઓ ખાતે ફૂડ સેફ્ટી બાબતે લોકજાગૃતિ પણ ફેલાવવામાં આવી હતી.

તંત્ર દ્વારા તમામ પેઢીઓને ગુણવત્તાયુક્ત અને સ્વાસ્થ્યપ્રદ ખાદ્યચીજોનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તથા વિતરણ કરવા અને એક્ટની તમામ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા કડક સૂચનાઓ અપાઈ છે.


ગાંધીનગર જિલ્લાની તમામ પેઢીઓને ખોરાક બનાવતા કે પીરસતા ઓપરેટરો ફરજિયાત કેપ, એપ્રોન અને ગ્લવ્ઝ પહેરે, તૈયાર ખાદ્યચીજની બનાવટમાં કોઈપણ પ્રકારના અનધિકૃત કલરનો ઉપયોગ ન કરવો, અને મિઠાઈમાં નિયત માત્રામાં જ માન્ય ફૂડ કલર વાપરવા.

કોઈપણ ખાદ્યચીજ ખુલ્લામાં ઉત્પાદન, સંગ્રહ કે વિતરણ ન કરવી તેમજ ન્યૂઝપેપરનો ઉપયોગ ટાળવા, જલદી બગડી જાય તેવી ખાદ્યચીજોનો સંગ્રહ યોગ્ય તાપમાને અને સ્વચ્છ જગ્યાએ કરવા? અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ તપાસ ભવિષ્યમાં પણ સતત ચાલુ રહેશે અને નિયમોના ભંગ બદલ લાયસન્સ કાયમી ધોરણે સસ્પેન્ડ કે રદ્દ કરવા સુધીની કડક કાર્યવાહી કરાશે.ગાંધીનગર જિલ્લાના તમામ નાગરિકોને શુદ્ધ અને સલામત ખોરાક મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હંમેશાં કટિબદ્ધ અને કાર્યરત છે.


ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા તહેવારોને અનુલક્ષીને સઘન તપાસ ઝુંબેશ: ખાદ્યચીજોના ૬૨ નમૂના લેવાયા, ૬ પેઢીને નોટિસ અને ૧ પેઢીનું રજિસ્ટ્રેશન સસ્પેન્ડ

ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા શહેરના નાગરિકોને તહેવારો દરમિયાન શુદ્ધ, આરોગ્યપ્રદ અને સલામત ખોરાક મળી રહે તે હેતુથી ઓક્ટોબર માસમાં નવરાત્રિથી દિવાળીના તહેવારોને અનુલક્ષીને ખાસ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ‘ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬’ હેઠળ હાથ ધરાયેલી આ સઘન કાર્યવાહી દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાદ્યચીજોની પેઢીઓનું આકસ્મિક ચેકિંગ કરી ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી અને સ્વચ્છતાના ધોરણોનું ઉલ્લંઘન કરતી પેઢીઓ સામે કડક દંડાત્મક પગલાં ભરવામાં આવ્યા છે.

આ ખાસ ઝુંબેશ અંતર્ગત ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા શહેરની કુલ ૪૧ પેઢીઓની તપાસ કરીને મીઠાઈ, ફરસાણ, ઘી અને ખાદ્યતેલ સહિતની વિવિધ ખાદ્યચીજોના કુલ ૬૨ નમૂનાઓ લઈ પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવ્યા છે, જેનો અહેવાલ આવ્યેથી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તપાસ દરમિયાન કાયદાની શિડ્યુલ-૪ ની જોગવાઈઓ અનુસાર સેનિટેશન અને હાઈજીનિક કન્ડિશનમાં ક્ષતિઓ માલૂમ પડતાં ૦૬ પેઢીઓને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે અન્ય એક પેઢીમાં સ્વચ્છતાની સ્થિતિ અત્યંત



બિનઆરોગ્યપ્રદ જણાતા તેનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. જો નોટિસ મેળવનાર કે સસ્પેન્ડ થયેલ પેઢીઓ દ્વારા નિયત સમયમાં સંતોષકારક સુધારો કરવામાં નહીં આવે, તો



તેમના લાયસન્સ કે રજિસ્ટ્રેશન કાયમી ધોરણે રદ કરવા સુધીની આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, તહેવારો દરમિયાન ‘ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ’ વાન મારફતે શહેરમાં કાર્યરત અંદાજિત ૧૭૦ જેટલા નાના સ્ટોલ્સ અને પેઢીઓની મુલાકાત લઈ સ્થળ પર જ ૧૯૧ ખાદ્યચીજોનું પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ વેપારીઓ અને નાગરિકોમાં ફૂડ સેફ્ટી અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરોને કાયદાની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા અને ગુણવત્તાયુક્ત ખાદ્યચીજોનું જ ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરવા કડક સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ખાદ્યચીજો બનાવતા અને પીરસતા કર્મચારીઓએ ફરજિયાત કેપ, એપ્રોન અને ગ્લવ્ઝ પહેરવા, તૈયાર ખોરાકમાં અખાદ્ય રંગો ન વાપરવા, મીઠાઈમાં નિયત માત્રામાં જ માન્ય ફૂડ કલરનો ઉપયોગ કરવા અને ખાદ્યપદાર્થોના પેકિંગ કે પીરસવામાં ન્યૂઝપેપરનો ઉપયોગ સદંતર ટાળવા તાકીદ કરવામાં આવી છે. વધુમાં, ખાદ્યચીજોને ખુલ્લામાં ન રાખવા અને જલદી બગડી જાય તેવી ચીજવસ્તુઓનો યોગ્ય તાપમાને સ્વચ્છ જગ્યાએ સંગ્રહ કરવા અપીલ કરવામાં આવી છે. નાગરિકોના સ્વાસ્થ્યના હિતમાં મહાનગરપાલિકા દ્વારા આ તપાસ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે અને નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat